| ફાઈલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૦૯/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૧ | ૦૭ |

**મહેરબાન ભરૂચના છઠ્ઠા એડીશનલ સેસન્સ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૪૨૪/૨૦૨૬</u>**

**આંક : –**

**અરજદાર/આરોપી : – અભિનંદનકુમાર વિજય રામદેવ ચૌબે,**
રહે. ધનંજય પાર્ક સોસાયટી,
જોલવા રમણભાઈ કનુભાઈ વાળંદના
મકાનમાં, ગામ જોલવા, તા. વાગરા,
જિ. ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી.**

અરજદાર તરફે વિ. વ. શ્રી એચ. ટી. ચૌધરી
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

**<u>–:: ચુકાદો ::–</u>**

**(૧)** અરજદારનાં વિ. વકીલશ્રી તથા વિ. એ.પી.પી.શ્રીને સાંભળ્યા. ત.ક.અધિકારીશ્રીનો **આંક–૦૫** થી રજુ પોલીસ અભિપ્રાય ધ્યાને લીધો.

(૨) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ મોબાઇલની વચગાળાની કસ્ટડી મેળવવા કરેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારની માલીકીનો SAMSUNG GALAXY A–33 (૮ જી.બી. + ૧૨૮ જી.બી.) નો જેનો IMEI : 350597020537057 છે તે મુદ્દામાલ મોબાઇલ તપાસ કરનાર અધિકારીએ ભરૂચ શહેર 'એ' ડિવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૬૦૩૯૧/૨૦૨૬ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી), ૨૨(બી), ૨૫, ૨૯ મુજબના ગુનાના કામે કબજે કરેલ છે. સદર મોબાઇલ અરજદાર/આરોપીની માલીકીનો છે અને પોલીસ સ્ટેશનમાં છે. વધુમાં જણાવેલ છે કે, સદર મુદ્દામાલ મોબાઇલ અરજદાર રોજીંદા કામ અર્થે ઉપયોગમાં લેતા હોય અને પોલીસ સ્ટેશનમાં પડી રહે તો બગડી જાય તેમ છે તેમજ અને મોબાઇલની બેટરી પણ બગડી જાય તેમ છે, જેથી મોબાઇલ પરત ન આપવામાં આવે તો, રોજીંદા કામમાં નુકસાન થાય તેમ છે તેમજ અરજદારને ખુબ જ આર્થિક નુકસાન થાય તેમ છે. અરજદારને મુદ્દામાલ મોબાઇલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવામાં આવે તો નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલનુ કરવા તૈયાર છે, જેથી હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) અરજદારનાં વિ. વકીલશ્રી તરફે તેમની અરજી મુજબ દલીલો કરવામાં આવેલ છે, જયારે વિ.એ.પી.પી.શ્રી તરફે પોલીસનો અભિપ્રાય ધ્યાને લઇ ન્યાયોચિત હુકમ કરવા દલીલો કરેલ છે.

આ કામે રજુ પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા, અરજદાર/આરલપસ પ્રાુથસ કબજે કરવામાં આવેલ નાર્કોટીકસ સિન્થેટીકસ ડ્રગ્સના મુદ્દામાલમાં એન.ડી.પી.એસ. એકટમાં સમાવિષ્ટ તત્વોની હાજરી મળી આવેલ નથી, જેથી ખરેખર અરજદાર/આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નાર્કોટીકસ ડ્રગ્સ નહી હોવાનું ફલીત થઇ આવેલ, જેથી અરજદાર/આરોપી અભિનંદનકુમાર વિજય રામદેવ ચૌબેને કસ્ટડીમાંથી મુકત કરવા સારૂ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૯ મુજબનો રીપોર્ટ તા. ૨૨/૦૫/૨૦૨૬ નાં રોજ નામ. કોર્ટમાં કરતા આરોપીને કસ્ટડીમાંથી મુકત

કરવામાં આવેલ છે અને બાદ આ કામે તા. ૨૯/૦૫/૨૦૨૬ નાં રોજ 'સી' સમરી ભરી નામ. કોર્ટમાં મંજુર થવા માટે મોકલી આપવામાં આવેલ છે, જેથી અરજદાર/આરોપીનાઓ પાસેથી કબજે કરવામાં આવેલ વાદળી કલરનો સેમસંગ કંપનીનો ગેલેક્ષી A–33 મોડેલનો મોબાઇલ કિં. રૂા. ૧૦,૦૦૦/– નો અરજદાર/આરોપીને પરત સોંપવા જણાવેલ છે.

(૪) અરજદાર તરફે આંક–૦૩ નાં લીસ્ટથી મુદ્દામાલ મોબાઇલના બિલની ઝેરોક્ષ નકલ, એફ.આઇ.આર.ની નકલ રજુ કરેલ છે, જે દસ્તાવેજો ધ્યાને લેતા, સદર મુદ્દામાલ મોબાઇલ SAMSUNG GALAXY A–33 (૮ જી.બી. + ૧૨૮ જી.બી.) નો જેનો IMEI : 350597020537057 છે તે મોબાઇલ અરજદારની માલીકીનો હોય તેમ જણાય આવે છે. વધુમાં એફ.આઇ.આર. ધ્યાને લેતા, હાલનાં ગુનાનાં અરજદાર/આરોપી અભિનંદનકુમાર વિજય રામદેવ ચૌબે પાસેથી પોલીસે મુદ્દામાલ મોબાઇલ કબજે કરેલ હોવાનું જણાય છે. વધુમાં પોલીસ અભિપ્રાય મુજબ હાલના ગુનાના કામે પોલીસે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૯ મુજનો રીપોર્ટ કરેલ છે અને 'સી' સમરી ભરેલ છે. વધુમાં પોલીસે સદર મુદ્દામાલ મોબાઇલ એફ.એસ.એલ.માં મોકલાવેલ હોય તેમ જણાતું નથી કે તપાસનાં કામે જરૂરીયાત હોય તેમ જણાતું નથી. વધુમાં હાલનાં અરજદાર મુદ્દામાલ મોબાઇલનાં માલીક છે અને તે સિવાય કોઇએ કલેઇમ કરેલ નથી, જેથી અરજદાર મુદ્દામાલ મોબાઇલનો વચગાળાનો કબજો મેળવવા હકકદાર છે.

(૫) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ અરજદાર મુદ્દામાલ મોબાઇલનાં માલીક હોય તેમજ મુદ્દામાલ મોબાઇલની તપાસનાં કામે કોઇ જરૂરીયાત હોય તેમ જણાતું ન હોય, જો મુદ્દામાલ મોબાઇલ બિનવપરાશી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેની બેટરી તેમજ અન્ય પાર્ટસને નુકસાન થાય અને બગડી જાય તેમ છે. વધુમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ (ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૫૧) ની જોગવાઇ તથા <u>નામ. સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિ. ગુજરાત રાજય</u>નાં ચુકાદામાં માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા, હાલની અરજી મંજુર કરી મુદ્દામાલ મોબાઇલ શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને

પરત સોંપવો ન્યાયોચિત જણાતું હોય છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** ભરૂચ શહેર 'એ' ડિવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૬૦૩૯૧/૨૦૨૬ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી), ૨૨(બી), ૨૫, ૨૯ ના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ SAMSUNG GALAXY A–33 (૮ જી.બી. + ૧૨૮ જી.બી.) નો જેનો IMEI : 350597020537057 છે તે હાલનાં અરજદારને મુદ્દામાલ મોબાઈલની કિંમતના દોઢી રકમનાં જાત જામીન અને તેટલી જ રકમનાં બોન્ડ પોલીસ રૂબરૂ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રહી વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદારે સદર મુદ્દામાલ મોબાઈલ અદાલત ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૨) અરજદારે સદર મુદ્દામાલ મોબાઈલ અંગે અત્રેની કોર્ટ દ્વારા અન્ય કોઈ હુકમ ન થાય ત્યાં સુધી કોઈપણ ઈસમને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવો/કરાવવો નહી.

(૩) અરજદારે સદર મુદ્દામાલ મોબાઈલનો ઉપયોગ કોઈપણ પ્રકારનાં ગુનાહિત કૃત્યમાં કરવો/કરાવવો નહી.

(૪) સદર મુદ્દામાલ મોબાઈલની ઓળખ થઈ શકે તે રીતે અરજદારનાં ખર્ચે મુદ્દામાલ મોબાઈલના બન્ને તરફથી ફોટોગ્રાફસ પડાવ્યા બાદ સદર મોબાઈલ અરજદારને સોંપવો અને ત.ક. અધિકારીશ્રીએ આ ફોટોગ્રાફસ કોર્ટમાં જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે રજુ કરવા.

(૫) અરજદારે જામીન તથા બોન્ડ જે તે પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.

આ હુકમની અમલવારી માટે જે તે સંબંધીત પો.સ્ટે.ને યાદી કરવી.

આ હુકમ આજ **તા. ૦૯ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ અને
સ્પે. એન.ડી.પી.એસ. જજ, ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**